ચૂંટણીનો ગરમાવો - લોકસભા ચૂંટણીનું જાહેરનામું બુધવારે પ્રસિદ્ધ થશે પરંતુ ગાંધીનગરમાં ભાજપની વિકાસ યાત્રાથી મંગળવારે જ ચૂંટણીનો ગરમાવો સર્જાયો હતો. ભાજપના કાર્યકરો દ્વારા યોજાયેલ યાત્રા નગરના માર્ગો ઉપર સૂત્રોચ્ચાર અને ગીત-સંગીત સાથે ફરી હતી.

આજથી ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમ-૨ની પરીક્ષા

૫૬૦૦ વિદ્યાર્થીઓની કસોટી : વિજીલન્સ સ્કવોર્ડની ૫ ટીમો રાઉન્ડ લેશે

ગાંધીનગર, તા.૧

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની આજથી પરીક્ષા શરૂ થશે. જિલ્લાના ૨૫ પરીક્ષા સ્થળો પરથી ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વિજીલન્સ સ્કોવોર્ડની ૫ ટીમો પરીક્ષા સ્થળો પર રાઉન્ડ લેશે.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા બાદ તા. ૨ એપ્રિલથી ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા શરુ થશે. જિલ્લામાં વિવિધ ૨૫ જેટલા પરીક્ષા સ્થળોએથી ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વિજીલન્સ સ્કોવોર્ડની ૫ ટીમો પરીક્ષા કેન્દ્રોના રાઉન્ડ લેશે. પરીક્ષા દરમિયાન કેન્દ્રો આસપાસના વિસ્તારમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રહેશે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો ખાતે પણ નેટ સહીતની સેવાઓ બંધ રાખવામાં આવશે. વધુમાં પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે કેન્દ્રો આસપાસ ટોળું ભેગું ન થાય તેનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવશે. ધો-૧૧ની પરીક્ષા દરમિયાન જાહેર રજા સિવાયની એક પણ રજા ન હોવાથી વિદ્યાર્થીઓને સળંગ પરીક્ષા આપવી પડશે. ધો-૧૧ની પરીક્ષાને લઈ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ જરુરી તૈયારી કરી દેવાઈ છે. ધો-૧૧ની પરીક્ષા દરમિયાન ગેરરીતીને અટકાવવા સંબંધિ પેપર સંબંધિત વિષય શિક્ષકો માટે શિક્ષણ બોર્ડ દ્વારા ખાસ તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

નાના દિવડે દિવાળી

દુકાનમાં પડી ગયેલુ ગ્રાહકનું સોનાનું કડુ વેપારીએ પરત કરતા દંપતિ નતમસ્તક : ઘ-દોઢ પાસેના ચામુંડા ફૂટ સેન્ટરના માલિક ચંદુભાઈ પટણીએ ગ્રાહકનું ખોવાયેલું બે તોલા સોનાનું કડુ પરત કર્યુ

ગાંધીનગર, તા. ૧

શહેરમાં એક તરફ ચેન સ્નેચીંગના બનાવો ભજયનક રીતે વધી રહ્યા છે અને નગરવાસીઓ સોનાના ભાવોમાં તેજી અને કારમી મોંઘવારીના કારણે સોનુ પહેરતા બે વખત વિચાર કરી રહ્યા છે એવા સમયમાં ગાંધીનગરના એક ફૂટની નાની દુકાન ચલાવતા વેપારીએ એક દંપતિનું આશરે સિત્તેર હજારની કિંમતનું બે તોલા સોનાનુ ખોવાયેલુ બ્રેસલેટ પરત કરી પ્રસંશનીય પ્રમાણિકતાનું ઉદાહરણ પુરુ પાડ્યું છે.

ભારત દેશમાં જયાં એક તરફ ચૂંટણી જીતવા રોજ પેટ ભરીને ખોટુ બોલવામાં આવી રહ્યું છે અને કરોડો રૂપિયાના 'સેટીંગ' પાડીને પ્રમાણિકતાના સર્ટીફિકેટો મેળવાઈ રહ્યા છે ત્યારે એક મધ્યમ વર્ગીય વેપારી પણ ગજબની ઈમાનદારી બતાવી હજુ પણ આ દેશમાં વિશ્વાસ ટકાવી રાખવા મજબૂર કરી રહ્યા છે. સમાજ જીવનના આ બે પહેલુ છે જયાં એક તરફ ચેઈન સ્નેચર્સ આતંક મચાવી રહ્યા છે ત્યાં મળેલુ સોનુ પરત કરી સામાન્ય માણસો પોતાની જાતને મુઠ્ઠી ઉંચેરા સાબિત કરી રહ્યા છે.

બનાવની વિગત એવી છે કે કુડાસણના સ્વામિનારાયણ ધામ સામે આવેલ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨માં રહેતા પરાગ પરીખ અને તેમની પત્નિ પ્રિયંકા પરીખ ત્રણ દિવસ પહેલા ઘ-દોઢ પાસે સેક્ટર-૩-ડીમાં આવેલ ચામુંડા ફ્રુટ સેન્ટર પર ફળ ખરીદવા ગયા હતા. ફળ ખરીદતી વખતે પ્રિયંકા પરીખના હાથમાં પહેરેલુ બે તોલા સોનાનું બ્રેસલેટ (કડુ) ત્યાં પડી ગયું હતું. ત્રણ ત્રણ દિવસ ઘરમાં ખાંખાફાંળા કરવા છતાં આ દંપતિને કડુ ન મળતા તેમણે છેલ્લા ત્રણ દિવસ ક્યાં ક્યાં ગયા હતા તે અંગે વિચારી જોયુ ત્યારે તેમને ચામુંડા ફુટ સેન્ટર પણ યાદ આવ્યુ હતુ. આથી તેમણે ત્યાં પણ તપાસ કરી જોવાનું વિચાર્યું.

ચામુંડા ફૂટ સેન્ટર પર જીને તેના માલિક ચંદુભાઈ પટણીનો સંપર્ક કરી બ્રેસલેટ અંગે પુછપરછ કરતાં જ ચંદુભાઈએ કહ્યું કે તમારુ સોનાનુ કડુ મારી પાસે છે. પણ તમારો સંપર્ક નંબર મારી પાસે ન હોવાથી તમને હું જાણ કરી શક્યો નહોતો અને કડુ સાચવી રાખીને તમારી જ રાહ જોતો હતો. આમ કહી ચંદુભાઈએ કડુ પરત કરતા પરીખ દંપતિ તો અવાક્ જ રહી ગયા હતા. તેમણે ચંદુભાઈને તેમની પ્રમાણિકતાનો બદલો વાળવા અનેક નાની-મોટી ભેટની ઓફર કરી પણ ચંદુભાઈએ નમ્રતાથી તે સ્વીકારવાની ના પાડી દીધી. ત્રણ ત્રણ દિવસ વિતવા છતાં ચંદુભાઈનું કડુ પરત કરવાનો નિર્ધાર જરા પણ ડગમગ્યો નહી અને સ્હેજ પણ ખચકાયા વગર જ કડુ પરત કરી દેતા પરીખ દંપતિનો ચંદુભાઈને મનોમન સો સો સલામ આપી રહ્યા હતા.

ચંદુભાઈ પટણી જેવા લાખો કરોડો નાગરિકો આજે પણ ભારત દેશને આખી દુનિયામાં 'નોખો' રાખી શક્યા છે. ગાંધીનગરમાં એકાએક વધી ગયેલા ચેઈન સ્નેચીંગના બનાવો સામે ચંદુભાઈની પ્રમાણિકતા શહેરના બે અંતિમો દર્શાવી રહી છે.

(તસ્વીર : દિપક જાની)

લ્યો ભાઈ ટાઢક લ્યો... -તનને ટાઢક મળે એવા ફળ તડબૂચને વેચવા નીકળતો આ શ્રમજીવી લારીવાળા ધોમધખતા તાપમાં ગાંધીનગરના સેક્ટરે-સેક્ટરે ટાઢક વેચે છે.... સામાન્ય રીતે તડબૂચ ઉનાળામાં અકસીર છે... ઉનાળામાં શરીરમાં રહેલ પાણીનો મહત્તમ ઉપયોગ થતો હોય છે.... શરીરમાં પાણીના સંતુલન માટે તડબૂચ અકસીર છે.... આ શ્રમજીવી લારીવાળો નગરજનોને તડબૂચ વેચીને પરિવારનું ભરણપોષણ કરે છે...

વૃક્ષોનું ટ્રીમીંગ માત્ર વી.આઈ.પી. સેક્ટરોમાં જ થતુ હોવાનો આક્રોશ

સેક્ટરોના આંતરિક વિસ્તારમાં ટ્રીમીંગના અભાવે રહીશોને હાલાકી

ગાંધીનગર, તા. ૧

શહેરમાં વૃક્ષોનું ટ્રીમીંગ માત્ર વી.આઈ.પી. સેક્ટરોમાં જ થાય છે. અન્ય સેક્ટરોની શેરીઓમાં તેમજ રીંગરોડ ઉપર સમયાંતરે ટ્રીમીંગ ન થતાં વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટલાઈટના થાંભલા માટે આડશ સમાન બને છે જેના પરિણામે આંતરિક વિસ્તારોમાં યોગ્ય અજવાળુ ન પથરાતા રહીશોને હાલાકી વેઠવી પડે છે.

શહેરમાં વૃક્ષોનું નિકંદન વળતા ગ્રીનસીટીની ઓળખ છીનવાઈ રહી છે. ત્યારે બેકામ થતા વૃક્ષછેદનની પ્રવૃત્તિને અટકાવવા કોઈ અસરકારક પગલા લેવાતા નથી. બીજીતરફ સેક્ટરોમાં યોગ્ય સમયે વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ કરવામાં પણ તંત્ર નિરસતા દાખવતા શહેરીજનો માટે સમસ્યા ઉદભવે છે. સેક્ટરોમાં વૃક્ષોનું ટ્રીમીંગ કરવાનું વિચારણા હાલ મોટાભાગના સેક્ટરોમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ અનેકરીતે અડચણરૂપ બની છે. આ અંગે શહેર વસાહત મહામંડળ દ્વારા પણ વનવિભાગને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યા મુજબ સેક્ટરોની શેરીઓમાં સ્ટ્રીટલાઈટ આડે આવતી વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ કરવા રજૂઆત કરવામાં આવી છે. શહેરના વી.આઈ.પી. સેક્ટરોમાં જ વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ થતુ હોવાનો રોષ પણ મહામંડળ દ્વારા વ્યક્ત કરાયો છે. જ્યારે રહેણાંક વિસ્તારમાં સેકટરોના આંતરિક રસ્તાઓ અને રીંગરોડ પર સ્થિત વૃક્ષોનું યોગ્ય ટ્રીમીંગ ન થતા સેક્ટરવાસીઓને હાલાકી ભોગવવી પડે છે. આમ નાગરિકોની માંગણીને ધ્યાન આપવા પણ રજૂઆતમાં જણાવાયું છે.

અગુથલામાંથી ઓરી-અછબડાના વધુ ૪ કેસ મળી આવતાં તંત્રમાં દોડધામ

ગાંધીનગર, તા. ૧

દહેગામ તાલુકાના અથુગલા ગામે આજે વધુ ૪ કેસ ઓરી-અછબડાના મળી આવતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. ગઈકાલે મળેલા ૬ કેસ બાદ આજે ૪ કેસ મળતાં કુલ ૧૦ કેસ આ ગામમાંથી મળ્યા છે.

આજે સર્વેલન્સ દરમ્યાન વધુ ૪ કેસ મળતાં તંત્ર પરિસ્થિતિને લઈ ગંભીર બની સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

તંત્રના અધિકારીઓ આજે અગુથલા દોડી ગયા હતા. મળતી વિગતો પ્રમાણે ૬ માસથી ૧૯ વર્ષની વયજુથના બાળકોમાં આ એકસ મળી રહ્યા છે. તંત્રએ વિટામીન્સની ગોળીઓનું વિતરણ પણ શરૂ કરી દીધુ છે.

ઓરી-અછબડાના કેસ સામાન્યતઃ આ સિઝનમાં દેખાતા હોય છે. જો કે એક જ ગામમાંથી આટલી મોટી સંખ્યામાં મળેલા કેસોએ તંત્રને દોડતુ કરી દીધુ છે. આ વિસ્તારમાં તંત્રએ આ રોગ સામે બચવા માટે શું કરવું તેને લઈ લોક-જાગૃતિ અભિયાન પણ છેડ્યુ છે. જો કે તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. ૩ ટીમો દ્વારા ગામમાં સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે.

ચ-૨ સર્કલની હરિયાળી અદૃશ્ય થતા ઉજ્જડ

(તસ્વીર : દિપક જાની)

નવા સર્કલોને વિકસાવવાની દરખાસ્ત પણ ધૂળ ખાય છે

ગાંધીનગર, તા.૧

શહેરમાં માર્ગ નવીનીકરણના અંતે હજુ સર્કલો કંગાલ હાલતમાં છે. રોડ નેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ માર્ગ વચાળે સ્થિત સર્કલો જાળવણીના અભાવે આર્કષણ ગુમાવી રહ્યા છે. ચ-૨ સર્કલ પણ જાળવણીના અભાવે ઉજ્જડ બન્યું છે. માર્ગ-મકાન વિભાગ દ્વારા સર્કલોની જાળવણીના મામલે પણ લાંબા સમયથી કોઈ નકકર આયોજન થયું નથી નવા સર્કલો પણ યથાવત સ્થિતિમાં છે. સર્કલોની નગરી તરીકેની આવી ઓળખ ધરાવતા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સર્કલોની સુંદરતા અદૃશ્ય થઈ ગઈ છે. મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો ખાનગી સંસ્થા દ્વારા વિકસાવવામાં આવ્યા બાદ તેની જાળવણીની જવાબદારી પણ સંસ્થાઓને સોંપવામાં આવી હતી. જયારે નિયત સમયના અંતે રીન્યુ થતા આ કોન્ટ્રાકટ સંદર્ભેની દરખાસ્ત અંગે પણ કોઈ નિર્ણય ન લેવાતા સર્કલોની જાળવણીનો મુદ્દોહાલ અધ્ધરતાલ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જયારે નવા અસ્તિત્વમાં આવેલા સર્કલો પણ કંગાળ હાલતમાં છે. શહેરમાં ચ-૨ સર્કલની હાલત પણ કાંઈક આવી જ છે. સર્કલ વચાળે સ્થિત હરિયાળી પણ અદૃશ્ય થઈ ગઈ છે. ઉજ્જડ ટેકરા જેવા ભાસતા આ સર્કલને યોગ્ય રીતે સુશોભિત ન કરાતા સ્થાનિક રહીશોમાં પણ નારાજગી પ્રવર્તી છે. શહેરના માર્ગો અને સર્કલોને નવું નામાભિધાન અપાયા બાદ યોગ્ય જાળવણીના મામલે નિરસતા દાખવામાં આવી રહી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

આજે ભાજપાના કચ્છના ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરશે

ગાંધીનગર, તા. ૧

૧૬મી લોકસભા માટેના ભાજપાના કચ્છના ઉમેદવાર શ્રી વિનોદભાઈ ચાવડા ૨ એપ્રિલના રોજ ભાજપાના પ્રદેશ મહામંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં અને અબડાસા વિધાનસભાના ભાજપાના ઉમેદવાર શ્રી છબીલભાઈ પટેલ ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલા તેમજ અગ્રણીઓની ઉપસ્થિતિમાં ૨ એપ્રિલના રોજ પોતાનું ઉમેદવારીપત્ર ભરશે તેમ ભાજપા મીડીયા સેલની એક યાદી જણાવે છે.

ભાજપા મીડીયા સેલની યાદીમાં જણાવ્યા મુજબ ૩ એપ્રિલના રોજ ભાજપાના જુનાગઢ લોકસભા બેઠકના ઉમેદવાર ધારાસભ્યશ્રી રાજેશભાઈ ચુડાસમા ભાજપાના પ્રદેશ મંત્રી તેમજ સાંસદ શ્રી મનસુખભાઈ માંડવીયા તેમજ શ્રી દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં ઉમેદવારી ફોર્મ ભરશે. પાટણ લોકસભાના ભાજપાના ઉમેદવાર શ્રી લીલાધરભાઈ વાઘેલા ઉજીએ ઉમેદવારી પત્ર ભરશે.

ઉભી કરાયેલી નવી ૧૩ મામલતદાર કચેરીના મંજુર મહેકમની મુદત ૨૦૧૫ સુધી વધારાઈ

ગાંધીનગર, તા. ૧

રાજયના ચાર મોટા શહેરોમાં મામલતદાર કચેરીઓની કામગીરીનું વિભાજન કરીને નવી ૧૩ મામલતદાર કચેરીઓ શરૂ કરવામાં આવેલ છે.

રાજયના ચાર મહાનગરપાલિકા અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે મામલતદાર કચેરીઓ આવેલી છે. આ કચેરીઓમાં કામના ભારણ અને વસતીને ધ્યાને રાખીને આ ચાર મામલતદાર કચેરીઓની કામગીરીનું વિભાજન કરવા માટે એક દરખાસ્ત સરકારમાં કરવામાં આવી હતી.

આ દરખાસ્ત ઉપર સરકારે વિચારણા કરીને આખરે કામગીરીનું વિભાજન કરીને ૧૩ નવી મામલતદાર કચેરીઓ શરૂ કરવામાં આવી છે. નવી શરૂ કરાયેલી આ ૧૩ કચેરીઓ માટે ૧૩ મામલતદાર પર નાયબ મામલતદાર, ૧૩ સર્કલ ઓફીસર અને ૬૫ જુનીયર કારકુનની ૬૫ એમ કુલ ૧૪૩ જગ્યાઓનું મહેકમ મંજુર કરવામાં આવેલ છે. આ મહેકમની મુદત તા. ૨૮-૨-૨૦૧૫ સુધી લંબાવવામાં આવી છે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
રંગવાલા ડેકોરેટર્સ

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, મેઈન ફોટો સ્ટુડિઓની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

રાષ્ટ્રના વિકાસમાં ગુજરાતનું મહત્વનું યોગદાન : ભાજપ

ગામડાઓમાં ૨૪ કલાક વિજળી ઉપલબ્ધ :૨૦ મુદ્દા અમલીકરણની દૃષ્ટિએ ગુજરાત દેશમાં સતત વર્ષથી પ્રથમ : કપાસ, જીરુ અને એરંડા ઉત્પાદનમાં પ્રથમ

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારના પ્રજાકલ્યાણલક્ષી કાર્યોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા અનેક એવોર્ડ આપીને સન્માન આપવામાં આવ્યું છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ્યારથી ભાજપા ગુજરાતમાં શાસન સંભાળી રહ્યું છે, તે શાસનને ૨૦૦થી પણ વધારે એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ એવોર્ડ સિદ્ધીઓ ગુજરાતની શાખ વદારી છે તેમજ રાષ્ટ્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે જેનું પ્રતિબિંબ ૩૦ એપ્રિલના રોજ ગુજરાતના મતદારો ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાને જીતાડીને પુરૂ પાડશે તેવો વિશ્વાસ ભાજપના પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજા તેમજ સાંસદ અને પ્રદેશ મંત્રી મનસુખભાઈ માંડવીયાએ એક અખબારી યાદીમાં વ્યક્ત કર્યો હતો.

તેઓએ દેશમાં ગુજરાત રાજયના યોગદાન અને વિશેષતાઓની વિગતો આપતા જણાવ્યું હતું કે, ૨૦ મુદ્દા અમલીકરણની દ્રષ્ટિએ સમગ્ર દેશમાં ગુજરાત રાજય લગલગાટ ૧૦ વર્ષથી પ્રથમ ક્રમે રહેલું છે. ૨૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમમાં છેવાડાના માનવીના કલ્યાણની બાબતો સમાવિષ્ટ થાય છે. સમગ્ર દેશમાં કપાસ, જીરૂ, એરંડાના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે રહે છે જેને કપાસ નિકાસ પ્રતિબંધની નીતિ અખત્યાર કરી કોંગ્રેસ પાર્ટી પરેશાન કરે છે. કિસાનોને નિરૂત્સાહ કરી આર્થિક નુકશાન કરે છે. ગુજરાતમાં નર્મદા બંધ અને નહેરોનું નેટવર્ક સમગ્ર વિશ્વમાં મોટુ નેટવર્ક છે. ગામડાને ઘરેલું ૨૪ કલાક જ્યોતિગ્રામ યોજનાના અંતર્ગત વિજળી, ન્યાયપાલિકાઓને ક્ષેત્રે રાત્રિ અદાલત, નદીઓને જોડવાનું કાર્ય પેટ્રોલિયમ પેદાશ ઉત્પાદનનું પ્રથમ ક્રમનું રાજ્ય, ગ્રામ પંચાયત અને ગ્રામ શાળાને બ્રોડબેન્ડ કનેક્ટિવીટીથી જોડાણ જેવા અનેક ક્ષેત્રોમાં ગુજરાત અવ્વલ નંબરે રહ્યું છે. તેઓએ ગુજરાતની વિકાસલક્ષી રાજનીતિને રાષ્ટ્રીયકક્ષાએ બદનામ કરનાર કોંગ્રેસ પાર્ટીને જાકારો આપવા મતદારોને અપીલ કરી છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જાહેર હરાજી
ગૂજરાત વિદ્યાપીઠ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા, તા.જી.ગાંધીનગર ખાતે ફળાઉ રાયણ (૩૧ ઝાડ ૧ વર્ષ માટે) ઝાડ ઉપરથી ફળ ઉતારવાનો ઈજારો આપવા માટેની જાહેર હરાજી **તા. ૧૧-૪-૨૦૧૪**ના રોજ બપોરે ૩-૦૦ કલાકે યોજેલ છે. રસ ધરાવતી વ્યક્તિઓએ વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવો.
ટેલીફોન નં. (૦૭૯) ૨૩૯૫૨૨૩ નિયામક

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com